# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

તા. બારડોલી. જિ. સુરત.

રજીસ્ટ્રેશન નંબર : સે-૯ તા. ૩૧ મી માર્ચ ૧૯૬૪

ઉદ્યમેવ હી સિધ્યન્તિ




**૪૬ મો**

# વાર્ષિક અહેવાલ અને હિસાબ

## વર્ષ : ૨૦૧૦-૨૦૧૧

(તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૧ સુધી)

સુરેશભાઈ જે. પટેલ
ઉપ-પ્રમુખ

દિલીપભાઈ બી. ભકત
પ્રમુખ

એમ. એલ. રાઠોડ
મેનેજીંગ ડીરેકટર

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## -:: વ્યવસ્થાપક કમિટિ સને : ૨૦૧૦-૨૦૧૧ ::-

| અ. નં. | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | શ્રી દિલીપભાઈ ભીખાભાઈ ભકત | પ્રમુખશ્રી | બાજીપુરા |
| ૨ | શ્રી સુરેશભાઈ જગુભાઈ પટેલ | ઉપ-પ્રમુખશ્રી | કડોદ |
| ૩ | શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ખરવાસા |
| ૪ | શ્રી હસમુખભાઈ ધીરજભાઈ ભકત | કમિટિ સભ્યશ્રી | કપુરા |
| ૫ | શ્રી છગનભાઈ નાથુભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | તરસાડા (બાર) |
| | શ્રી દિનેશભાઈ ખુશાલભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ખંજરોલી (તા. ૧૪-૪-૧૧ થી) |
| ૬ | શ્રી નરેશભાઈ કેશવભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ગોડધા |
| | શ્રી અલ્પેશભાઈ મગનભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | નનસાડ (તા. ૧૪-૪-૧૧ થી) |
| ૭ | શ્રી મહેન્દ્રભાઈ નાથુભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | સેજવાડ |
| ૮ | શ્રી શાંતિલાલ રામભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | સાંકરી |
| | શ્રી જયપ્રકાશભાઈ બાબુભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ખોજ (તા. ૧૪-૪-૧૧ થી) |
| ૯ | શ્રી યશવંતસિંહ અભયસિંહ રાઠોડ | કમિટિ સભ્યશ્રી | ઉવા |
| | શ્રી સુરજરામ ઉર્ફે સુરેશભાઈ રાનીયાભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | કાંટીફળીયા (તા. ૧૪-૪-૧૧ થી) |
| ૧૦ | શ્રી નરેન્દ્રભાઈ મગનભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | ચીખલી(રાજ) |
| ૧૧ | શ્રી કિશોરભાઈ રણછોડભાઈ પટેલ | કમિટિ સભ્યશ્રી | નિઝર |
| ૧૨ | શ્રી માધુભાઈ ધુરીયાભાઈ ચૌધરી | કમિટિ સભ્યશ્રી | વેડછી |
| ૧૩ | શ્રી ખાંડ નિયામકશ્રી ગુજરાત રાજય | કમિટિ સભ્યશ્રી | ગાંધીનગર |
| ૧૪ | શ્રી મગનભાઈ રણછોડભાઈ પટેલ<br>(મધ્યસ્થ નાણાં ધીરનાર બેંકના પ્રતિનિધિ) | કમિટિ સભ્યશ્રી | વરાડ |
| ૧૫ | ઈનચાર્જ મેનેજીંગ ડીરેકટરશ્રી<br>ગુજરાત રાજય સ. ખાંડ ઉદ્યોગ સંઘ<br>ગાંધીનગરનાં પ્રતિનિધિ | કમિટિ સભ્યશ્રી | ગાંધીનગર |
| ૧૬ | શ્રી એમ. એલ. રાઠોડ | મેનેજીંગ ડીરેકટરશ્રી | મઢી |

## -:: એકઝીકયુટીવ કમિટિ સને : ૨૦૧૦-૨૦૧૧ ::-

| અ. નં. | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | શ્રી દિલીપભાઈ ભીખાભાઈ ભકત | પ્રમુખશ્રી | બાજીપુરા |
| ૨ | શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ | ક. સભ્યશ્રી | ખરવાસા |
| ૩ | શ્રી હસમુખભાઈ ધીરજભાઈ ભકત | ક. સભ્યશ્રી | કપુરા |
| ૪ | શ્રી છગનભાઈ નાથુભાઈ પટેલ | ક. સભ્યશ્રી | તરસાડા(બાર) |
| | શ્રી કિશોરભાઈ રણછોડભાઈ પટેલ | ક. સભ્યશ્રી | નિઝર (તા. ૨૨-૪-૧૧ થી) |
| ૫ | શ્રી ખાંડ નિયામકશ્રી ગુજરાત રાજય | ક. સભ્યશ્રી | ગાંધીનગર |
| ૬ | શ્રી મગનભાઈ રણછોડભાઈ પટેલ | બેંકના પ્રતિનિધિશ્રી | વરાડ |
| ૭ | શ્રી એમ. એલ. રાઠોડ | મેનેજીંગ ડીરેકટરશ્રી | મઢી |

## -:: આમંત્રિત સભ્યશ્રી ::-

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી સુરેશભાઈ જગુભાઈ પટેલ | ઉપ-પ્રમુખશ્રી | કડોદ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## ❁ સૂચના ❁

આથી સદરહુ મંડળીના સર્વે સભાસદોને ખબર આપવામાં આવે છે કે, આ સંસ્થાની છેતાલીસમી (૪૬) વાર્ષિક સાધારણ સભા તા. ૨૯-૧૧-૨૦૧૧ ને મંગળવાર નારોજ બપોરે ૧-૦૦ કલાકે સંસ્થાની રજીસ્ટર્ડ ઓફિસનાં સ્થળે મળશે, તો સદર સભામાં અહેવાલ સાથે હાજર રહેવા વિનંતી છે.

## ❁ સભામાં નીચેના કામો રજુ થશે. ❁

૧. ગત વર્ષની તા. ૧૧-૧૧-૨૦૧૦ નારોજ મળેલી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.

૨. સંસ્થાનાં સને ૨૦૧૦-૨૦૧૧ (તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૧) નાં વર્ષનો અહેવાલ તથા વ્યવસ્થાપક કમિટિએ મંજુર કરેલ હિસાબ તથા સરવૈયું આ સાથે સામેલ છે, તે મંજુર કરવા બાબત.

૩. સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષની ઓડિટનોટની દુરસ્તી જે વ્યવસ્થાપક કમિટિએ મંજુર કરેલ છે. તેને વાંચનમાં લઈ નોંધ લેવા બાબત.

૪. પેટા-નિયમ-૪ મુજબ બોર્ડ ઓફ ડિરેકટર્સને સંસ્થાના કામ માટે જરૂરી કરજ ઉભું કરવા તેમજ તમામ કામકાજોનો અધિકાર આપવા બાબત.

૫. સંસ્થાના ચૂંટણી નિયમો અને સહકારી કાયદા પ્રમાણે સને : ૨૦૧૧ માં બિનહરીફ તથા ચૂંટણીથી ચૂંટાયેલા વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોની નોંધ લેવા બાબત.

૬. પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે કામો.

લિ.

સ્થળ :- મઢી. ૩૯૪ ૩૪૦
તા. ૦૭-૧૧-૨૦૧૧

(એમ. એલ. રાઠોડ)
મેનેજીંગ ડીરેકટર
બોર્ડ ઓફ ડીરેકટર્સનાં આદેશથી

<u>તા. ક. :-</u>

૧. સભાસદોને હિસાબી કામકાજ અંગેની બીજી કોઈપણ માહિતીની જરૂર હોય તો તેમણે સભાનાં સાત દિવસ અગાઉ ઓફિસ સમય દરમ્યાન જ આવી સમજી જવા વિનંતી.

૨. સભામાં સંસ્થાનાં સભાસદોને જ સભાના સ્થળે ઓળખપત્ર જોઈને પ્રવેશ આપવામાં આવશે, જેથી દરેક સભાસદ ભાઈ-બહેનોએ ઓળખપત્ર સાથે લાવવા વિનંતી.

૩. કોરમનાં અભાવે મુલતવી રહેલ સભા અર્ધા કલાક બાદ મળશે, જેને કોરમનો બાધ લાગશે નહિ.

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## :: પ્રમુખશ્રીનું નિવેદન ::

**સુજ્ઞ સભાસદભાઈઓ તથા બહેનો,**

આપણી સંસ્થાની ૪૬મી વાર્ષિક સાધારણ સભાનાં અવસરે આપ સૌનું હાર્દિક સ્વાગત કરતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. સંસ્થાના સને ૨૦૧૦-૨૦૧૧ ના વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરેલ હિસાબો, માહિતીદર્શક આંકડા તેમજ જરૂરી પરિશિષ્ટો રજુ કરી મારૂં નિવેદન સાદર રજુ કરૂં છું.

**શ્રદ્ધાંજલિ :-**

અહેવાલનાં વર્ષ દરમ્યાન સહકારી ક્ષેત્રનાં સુમુલ ડેરીનાં પ્રમુખશ્રી મનુભાઈ પટેલ તેમજ ઈફકોનાં પ્રમુખશ્રી સુરેન્દ્રકુમાર જાખડ, કેન્દ્રિય કેબીનેટ મંત્રીશ્રી અર્જુનસિંહજી, કેરલનાં માજી મુખ્યમંત્રીશ્રી કે. કરૂણાકરન તેમજ યુનાઈટેડ ફોસ્ફરસ લિ; વાપીનાં ડૉ. સી. અર્સ, જાપાનમાં આવેલ ધરતીકંપ અને સુનામીમાં અવસાન પામેલ નાગરિકો, સ્વજનો તેમજ નામી-અનામી ભાઈ બહેનો ઉપરાંત આપણાં પ્રદેશનાં તેમજ આપણી સંસ્થાનાં સભાસદ પરિવાર પૈકી અવસાન થયેલ નામી-અનામી વ્યકિતઓનાં દુઃખદ અવસાનની નોંધ લઈ સૌને શ્રદ્ધાંજલિ અર્પું છું.

આપણી સંસ્થામાં ફરજ બજાવતા કામદાર-કર્મચારીઓના નિધન થયેલ છે તે સૌનાં દુઃખદ નિધનની નોંધ લઈ શ્રદ્ધાંજલિ અર્પું છું.

...... ૐ શાંતિ ...... ...... ૐ શાંતિ ...... ...... ૐ શાંતિ ......

**ખાંડ ઉદ્યોગ અને આપણી સંસ્થા અને વર્ષ દરમ્યાનની કામગીરીનું અવલોકન :-**

સમગ્ર ભારતમાં દ્વિતીય ખેત આધારીત ઉદ્યોગ તરીકેનું સ્થાન એ ખાંડ ઉદ્યોગ છે, વિશ્વમાં ખાંડનાં ઉત્પાદનમાં મોખરાનું સ્થાન ધરાવતો ભારત દેશ છે. જ્યારે શેરડીનાં ઉત્પાદનમાં બ્રાઝીલ દેશ પ્રથમ ક્રમે છે. ખાંડનાં ઉત્પાદનમાં આપણા દેશની સ્થિતિ હંમેશા બદલાતી રહી છે, કયારેક ૩૦૦ લાખ ટન કરતા વધુ ખાંડ ઉત્પન્ન થાય, કયારેક ૨૦૦ લાખ ટન કરતા પણ નીચું ઉત્પાદન થાય, આવી સ્થિતિમાં જ્યારે છત થાય ત્યારે શેરડી ઉત્પાદકો નિરાશ થાય અને વપરાશકર્તાને રાહત થાય અને ઉત્પાદન નીચું થાય ત્યારે શેરડી ઉત્પાદકોનો ઉત્સાહ વધતો હોય અને ખાંડ વપરાશકર્તાઓ મોટો હોબાળો મચાવતા હોય છે. સીઝન ૨૦૧૦-૨૦૧૧નાં વર્ષમાં અગાઉના ખેંચાતા સ્ટોકનું પ્રમાણ અને ઉત્પાદન તેની સામે વપરાશને ધ્યાનમાં લેતાં કેન્દ્ર સરકારશ્રી દ્વારા ૧૫ લાખ ટન જેટલી ખાંડ નિકાશ કરવાનો નિર્ણય ત્રણ તબકકે લીધેલ છે. આંતરરાષ્ટ્રીય બજાર હાલ ઘરેલુ બજાર કરતાં થોડો ઉંચો રહેવા પામેલ છે. બ્રાઝીલમાં જે ઉત્પાદન થયેલ અને થનાર છે, તેમાં મોટી ખાધ દેખાઈ રહી છે, અને અત્યાર સુધી બ્રાઝીલ મહત્તમ શેરડીમાંથી ઈથેનોલ બનાવે છે, જેમાં પણ આંતર રાષ્ટ્રીય બજાર નીચા અને મોટો વપરાશકાર અમેરિકા દ્વારા ખરીદ પર નિયંત્રણ કરેલ છે, અમેરિકા દ્વારા જે ગ્રેઈન બેઈઝ ઈથેનોલનો પ્રોગ્રામ મોટા પ્રમાણમાં શરૂ કર્યો છે, જેની સીધી અસર પણ બજારમાં ઉભી થશે.

આવી સ્થિતિમાં જે ખાંડ નિકાશ માટે રાષ્ટ્રીય કક્ષાએ જે ઉત્પાદન થાય તેના સપ્રમાણ નિકાશ માટેની છુટ આપેલ છે, તેનાં અંતર્ગત આપણી સંસ્થા દ્વારા પણ ૫,૭૪૮.૫૦૦ ટન ખાંડ નિકાસ કરેલ છે અને ૩,૦૪૭.૯૦૦ ટન હજુ નિકાશ માટેની મંજુરી મળેલ છે જે ટુંક સમયમાં નિકાશ થશે.

આપણી સંસ્થા દ્વારા ઉત્તમ અને સારા પરિણામો મળી રહે તે માટે હું અને મારા સાથી ઉપ-પ્રમુખશ્રી, સદ્સ્યો સતત પ્રમાણિકપણે પ્રયાસ કરતા રહ્યાં છીએ. સીઝન ૨૦૧૦-૨૦૧૧નો શુભારંભ તા. ૧૭-૧૦-૨૦૧૦ નાં રોજથી કરવામાં આવેલ, ૨૧૨ દિવસ કારખાનું કાર્યરત રહી કુલ ૧૩,૨૨,૬૩૦.૪૭૦ મે. ટન શેરડીનું પિલાણ કરેલ, જેની સરેરાશ રીકવરી ૧૦.૧૮ ટકા મેળવી ખાંડનું ઉત્પાદન ૧૩,૪૬,૨૪૦.૮૩૦ કિવન્ટલ થયેલ છે. દૈનિક પિલાણનાં દર સ્ટોપેજ બાદ કરતાં ૭૧૩૨.૪૨૦ મે. ટન રહ્યો છે.

આપણી સંસ્થા ખાંડના જથ્થા બાબતે જોઈએ તો નાણાંકિય વર્ષ તા. ૧-૪-૨૦૧૦નાં રોજ ઉઘડતો સ્ટોક ૬,૫૬,૩૩૦ ગુણી હતો. જે પૈકી મુકત બજાર માટે વેચાણપાત્ર જથ્થાની સ્ટોકની વેલ્યુ પ્રતિ કવીન્ટલ રૂા. ૨૫૦૦ આકારવામાં આવેલ, ખાંડનાં ભાવોની જે વધઘટ અને બજારની રૂખ જોઈ તથા સંસ્થાની નાણાંકીય તરલતા પર કોઈ મોટી અસર ઉભી ન થાય તેમજ સ્ટોકનાં મુલ્યાંકનનાં કારણે જાણે-અજાણે પણ આવનારા વર્ષનાં શેરડી

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

ઉત્પાદકોના શેરડીની કિંમતમાં મોટી અસર પણ ન ઉભી થાય, આવા તમામ પાસાઓનો વિચાર કરીને ગુજરાતની કાર્યરત સમગ્ર સુગર ફેક્ટરીનાં સંચાલકો દ્વારા સ્ટોકની કિંમતનું મુલ્યાંકન કરવામાં આવે છે.

અન્ય વિગતો બાબતે જોઈએ તો નાણાંકીય વર્ષ દરમ્યાન ૧૦,૩૯,૫૫૯ કવીન્ટલ ખાંડ મુકત બજારમાં વેચાણ કરેલ છે, અને તેની રાશ ₹ ૨,૬૨૧.૦૮ ઉપજેલ છે, જયારે ૧,૫૬,૨૨૪ કવીન્ટલ લેવીનાં ખાંડનું વેચાણ થયેલ છે જેની રાશ ૧,૫૮૬.૫૩ મળેલ છે, સમગ્ર વર્ષ દરમ્યાન મોલાસીસ રાજ્યમાં, રાજય બહાર અને ડીસ્ટીલરીનાં આંતરિક વપરાશ માટે મળી કુલ ૫૮,૪૪૪.૩૫૦ ટનનું વેચાણ થયેલ છે. જેની રાશ₹ ૩,૧૫૭.૫૭ છે. તેજ રીતે બગાસ વેચાણ ૩૫,૫૨૧.૮૩૦ ટન થયેલ છે જેની રાશ ₹ ૧,૧૩૪.૦૦ મળેલ છે.

આપને એ વાતથી પણ વાકેફ કરવા માગું છું કે, આપણાં સમગ્ર ઉદ્યોગનો કાચા માલ શેરડીનાં પુરવઠાને નિયમીત કારખાના સુધી પહોંચતો કરવા માટે પર્યાપ્ત માત્રામાં શેરડી કાપણી કરતા મજુરોની આવશ્યકતા, આપણી ખેડૂત સંગઠન સમિતિ દ્વારા તેમજ ખેતી વિભાગનાં અધિકારીશ્રી દ્વારા ખુબ જ મહેનત કરી પુરવઠાની નિયમિતતા જળવાઈ તે માટેના પ્રયાસોમાં કાર્યદક્ષ રહ્યાં છીએ. ગત સીઝનમાં જે રીતે શરૂઆતનાં તબક્કામાં વરસાદનું વિઘ્ન અને સમગ્ર સિઝન દરમ્યાન મજુરોની અછતનાં કારણે કેટલીક સસ્થાંઓમાં તેમના અથાગ પ્રયાસ છતાં શેરડી કાપણી વગર રહી જવા પામી હતી. જે સંસ્થાને માટે મોટી આર્થિક જવાબદારી ઉભી થાય છે તેવી સ્થિતિ બનતી હોય છે.

સીઝન : ૨૦૧૧-૨૦૧૨ માં શેરડી કાપણી મજુરોની તીવ્ર સમસ્યા ઉભી થઈ છે. આપણાં અથાગ પ્રયાસોથી કંઈક અંશે આપણી સંસ્થાને + ૭૦૦૦ ટન જેટલો પુરવઠો નિયમિત મળી રહે તેવી સ્થિતિ નિર્માણ કરવા પ્રયત્નશીલ છીએ, મજુરોની પણ ઘણી ગેરહાજરી સ્થળ પર રહેતી હોય છે. આવા સંજોગોમાં આપણને પણ મોટી મુંઝવણ ઉભી થતી હોય છે, શેરડી કાપણી મશીનએ પણ સંપૂર્ણ ઉકેલ નથી. કાપણી ખર્ચ પણ વધારે આવતો હોય છે, મજુરોનાં વેતનમાં સુધારો કરવા છતાં પણ આ કાર્ય કરવા માટે હવે મજુરોની પણ આવા કઠીન કામ કરવાની પસંદગી નથી. આપણાં સૌના માટે આ અતિગંભીર પ્રશ્ન આવનારા દિવસો માટે બનશે.

શેરડીનો પ્રતિ ટન ઉત્પાદન આંક વધે તે માટે આપણે હંમેશા જાગૃત રહ્યા છીએ, ઉત્પાદન વધારવા માટે માર્ગદર્શન-શિબિરનું પણ આયોજન કરતા રહ્યા છીએ. કેટલીક વાસ્તવિક સમસ્યા છે તેનાથી પણ આપણે સૌ વાકેફ છીએ. આપણી સંસ્થા સાથે નાના-સિમાંત અને આદિવાસી ખેડૂતો જોડાયેલા છે. નાના એકમો જે ઉકાઈ સિંચાઈ વર્તુળ સાથે જોડાયેલ ખેડૂતો હંમેશા પાણીની તીવ્ર સમસ્યાઓમાંથી પસાર થતાં હોય છે. ડ્રીપ ઈરીગેશનના અભિગમથી ખુબજ સારા પરિણામો મળે છે. પરંતુ આ બાબતે પણ આપણાં સભાસદો આગળ આવવાની તૈયારી દર્શાવતા નથી. શેરડીનું ઉત્પાદન પ્રતિ એકરે વધે તે માટે જમીનની ફળદ્રુપતા વધે તે માટે આપણી સંસ્થા દ્વારા કંપોષ્ટ ખાતર જે બનાવીએ છીએ તેનો મહત્તમ ઉપયોગ કરો એવો આગ્રહ રાખીએ, માત્ર રાસાયણિક ખાતરોથી પણ નોંધપાત્ર વધારો થતો નથી, સંસ્થા દ્વારા સઘન કાર્યક્રમો અપનાવી પાયલોટ પ્રોજેકટ તથા કેન્દ્ર સરકારશ્રીની રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત જે કાર્યક્રમ હાથ ધરેલ તે મુજબ રો.સી. ૨૦૦૯-૨૦૧૦માં કુલ ૧૫૩૮ સભાસદો દ્વારા ૫૦૯૫ એકરમાં પાયલોટ પ્રોજેકટ હેઠળ વાવેતર થયેલ શેરડીનું પી.સી. ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન કાપણી કરાવતા પ્રતિ એકરે ટન ૮.૫૦૦ કિ. ગ્રામ જેટલું વધુ ઉત્પાદન જોવા મળેલ છે, તે મુજબ ગત રો. સી. ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત કુલ ૧૧૩૯ સભાસદો દ્વારા ૨૫૦૦ એકરમાં તથા સંસ્થાનાં પાયલોટ પ્રોજેકટ અંતર્ગત કુલ ૧૨૭૯ સભાસદો દ્વારા ૪૧૦૦ એકરમાં વાવેતર થયેલ છે. જેના પરિણામો ચાલુ પી.સી ૨૦૧૧-૨૦૧૨ દરમ્યાન જોવા મળશે.

ચાલુ રો. સી. ૨૦૧૧-૨૦૧૨ દરમ્યાન આર. કે. વી. વાય. અંતર્ગત પાયલોટ પ્રોજેકટમાં ૨૫૦૦ એકર તથા સંસ્થાનાં પાયલોટ પ્રોજેકટ હેઠળ ૭૫૦૦ એકરમાં નવું વાવેતર કરાવવાનો લક્ષ્યાંક નકકી કરેલ છે.

આ યોજનાને સારી ગતિ મળે તે માટે સૌ સભાસદોનાં સહિયારા પ્રયાસની અપેક્ષા રાખીએ છીએ. શેરડી વિકાસ ફંડ તરીકે જે કપાત કરવામાં આવે છે તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવે છે. સીઝન : ૨૦૧૦-૨૦૧૧ માં ₹ ૧૮,૮૪,૧૧૨-૦૦ જેટલી રકમ આપણે આ કાર્યક્રમ અંતર્ગત ઉપયોગ કરેલ છે. આ કાર્યક્રમ અવિરત ગતિમાં રહે તે માટે નાણાંકિય વર્ષ : ૨૦૧૦-૨૦૧૧માં પ્રતિ ટન ₹ ૫-૦૦ ની કપાત કરેલ છે. આ રીતે ક્રમશઃ ઉત્પાદન વધારવાના કાર્યક્રમમાં સફળ થઈએ એવી આશા રાખું છું.

જે સભાસદ પરિવાર દ્વારા શેરડીનું સૌથી વધુ ઉત્પાદન મેળવેલ છે તેમને ધન્યવાદ આપું છું.

આપણી સંસ્થાના સભાસદશ્રી અજીતસિંહ જશવંતસિંહ, મુ.પો. તરસાડા-બાર નવા રોપાણ માટે અને શ્રી વલ્લભભાઈ કાળાભાઈ પટેલ, મુ.પો. ગોડસંબા લામનાં વધુ ઉત્પાદન મેળવવા બદલ સૌ સભાસદ મિત્રો વતી અભિનંદન પાઠવું છું.

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

| અ. નં. | સભાસદનું નામ | ગામ | રોપાણ એ. ગુંઠા. | ઉતાર ટનમાં પ્રતિ એકર | શેરડી ની જાત |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી અજીતસિંહ જશવંતસિંહ (નવું રોપાણ) મોજે ગામ : તરસાડા-બાર | તરસાડા-બાર | ૧.૨૦ | ૮૯.૫૭૩ | ૮૬૦૩૨ |
| ૨. | શ્રી વલ્લભભાઈ કાળાભાઈ પટેલ (૧-લામ) મોજે ગામ : ગોડસંબા | ગોડસંબા | ૩.૦૦ | ૮૧.૫૭૩ | ૮૬૦૩૨ |

## ઈથેનોલ પ્રોજેક્ટ બાબત :-

હેવાલનાં વર્ષ દરમ્યાન ૭૮,૬૭,૬૦૦ લીટર આર.એસ.નું ઉત્પાદન કર્યુ છે. જે માટે વર્ષ દરમ્યાન ૨૮,૬૮૨.૦૦૦ ટન મોલાસીસનો વપરાશ થયેલ છે. આમ આપણે પ્રતિ ટન મોલાસીસ દ્વારા ૨૭૪.૩૦ લીટર આર. એસ. મેળવી શકયા છીએ. કેન્દ્ર સરકારે ૫ % ઈથેનોલ પેટ્રોલમાં મીક્ષ કરી વેચાણ અંગે નકકી કરેલ નિતીને ધ્યાનમાં લઈ ઓઈલ કંપનીઓએ ઈથેનોલનાં ટેન્ડરો મંજુર કરેલ છે. તે મુજબ આપણી સંસ્થાને તા. ૧-૧૦-૨૦૧૦ થી ૩૦-૦૯-૨૦૧૧ સુધીમાં સપ્લાય આપવાની શરત મુજબ કુલ ૩૦,૦૦,૦૦૦ લીટરની ફાળવણી હતી તે પૈકી ઓઈલ કું. એ તા. ૩૦-૦૯-૨૦૧૧ સુધીમાં ૨૯,૪૨,૦૦૦ લીટર ઈથેનોલનો ઉપાડ કરેલ છે, ઈથેનોલ પ્રોજેક્ટ માટે અત્યાર સુધીમાં જે ઘસારો કાઢવામાં આવ્યો છે તે ₹ ૭૯૮.૯૧ લાખ છે. સીઝન : ૨૦૧૧-૨૦૧૨ માટે ઓઈલ કું. દ્વારા જે ઈથેનોલ કાર્યક્રમ અંતર્ગત ૨૪,૦૦,૦૦૦ લીટર આપવા માટે ટેન્ડરો ભરેલ છે.

## ખાંડ ઉદ્યોગને વધુ અર્થક્ષમ બનાવવાની અત્યંત જરૂરીયાત :-

ભારતમાં આ ઉદ્યોગ સેંકડો વર્ષોથી ચાલે છે, જે ગોળ, ખાંડસરીનાં રૂપમાં હતો, ત્યારબાદ ખાંડનાં રૂપમાં પ્રસ્થાપિત થઈ સમગ્ર દેશનાં શેરડી ઉત્પાદકો માટે આર્થિક ક્રાંતિનાં મંડાણ થયા, આ ઘટનાનાં આપણે પણ સૌ સાક્ષીઓ છીએ. દક્ષિણ ગુજરાતને લાગે વળગે ત્યાં સુધી બરોડા થી વાપી સુધી આ ઉદ્યોગ સાથે સંકળાયેલા ખેડૂત પરિવારોએ આર્થિક ક્રાંતિની મજલ જોઈ છે. મહદ્અંશે તમામ પાકોમાં શેરડીએ સ્થાન લીધું છે. ઉદ્યોગનાં ભૂતપૂર્વ સંચાલકોની દુરંદેશી અને સાહસિકતાના કારણે આજે આપણે સારા પરિણામો મેળવી રહ્યાં છીએ. હવે જયારે સમય સતત પરિવર્તીત થઈ રહ્યો છે ત્યારે ચીલા ચાલુ પદ્ધતિથી આજ સ્થિતિમાં કારખાનાને ચલાવતા રહેવું એ અત્યંત કઠીન થતું જાય છે. સહકારી ક્ષેત્રોમાં ઉદ્યોગ હોવા છતાં કેટલાક કારણોસર આ ઉદ્યોગને આપણે આધુનિકરણ તરફ લઈ જઈ શકયાં નથી. આજે અત્યંત ઝડપથી ઉદ્યોગમાં પણ ઉત્તમ પરિણામો માટે સંશોધનો થયા છે. તેના સારા પરિણામો પણ મળતા હોય છે. આપણે છેલ્લાં કેટલાક સમયથી એવા માહોલ વચ્ચેથી પસાર થઈ રહ્યાં છીએ, જેના કારણે કોઈ નવું સાહસ કરી શકીએ એવી સ્થિતિમાં નથી. આજે જયારે શેરડી ટન પ્રતિ ૩૮ ટકા સ્ટીમ વપરાશ સામે મહત્તમ બગાસ બચત કરે તેવી સ્થિતિ ખાંડ ઉદ્યોગમાં બની છે. આ કારખાનામાં ઓટોમેશનનો સ્વીકાર કરવામાં આવે તો માનવબળને કાબુમાં રાખી અત્યંત ઓછા કામદાર-કર્મચારી દ્વારા કારખાનાને ચલાવી શકાય, રીફાઈનરી પ્રસ્થાપિત કરી ઉત્તમ સલ્ફરવિહિન ખાંડ બનાવી પરદેશમાં નિકાશને પાત્ર થાય તેવી ગુણવત્તાવાળી ખાંડ પણ બનાવી શકાય, સાથે આપણે સૌએ જેના પરિણામો મેળવ્યા છે તે ડીસ્ટીલરી પ્રોજેક્ટ જે આડ પેદાશ ઉદ્યોગ તરીકે પ્રસ્થાપિત કરેલ છે. તે જ રીતે આગામી દિવસોમાં બગાસ આધારીત પાર્ટીકલ બોર્ડ પણ બનાવી શકાય કારખાનામાં ઉત્તમ ઉંચા પરિણામો મળે તે માટે હજુ ઘણાં કામો જે સંશોધનનાં આધારે પ્રસ્થાપિત થયા તેનો પણ અમલ કરી શકાય.

આજે જયારે ખેડૂતો પણ જુદી જુદી સમસ્યા વચ્ચેથી પસાર થઈ રહ્યો છે, તેવા સમયે ખેતીને વધુ સમુદ્ધ કરવા વગર છુટકો નથી. તેજ રીતે આપણાં કારખાનાને પણ આધુનિકરણ તરફ લઈ જવા સિવાય છુટકો થવાનો નથી. દિન-પ્રતિદિન જે અપેક્ષા વધતી જાય તે સ્વાભાવિક છે, પરંતુ આને પહોંચી વળવા માટે સતત ગતીશીલ રહેવું પણ અત્યંત જરૂરી છે. આપ સૌના સાથ સહકારથી આપણી સંસ્થાનો વહીવટ હમારી જે કંઈ પણ શકિત છે, તેનો પુરો પ્રમાણિક પણે કામે લગાડી હું અને મારા સાથી સદ્સ્યો કાર્ય કરી રહ્યાં છીએ. સહકારી ક્ષેત્રોમાં કોઈ કાર્યપદ્ધતિનો વિરોધ હોઈ શકે પરંતુ કોઈપણ ઉત્તમ લક્ષ્ય હાંસલ કરવા સૌ ખુલ્લા મને વિચારી સૌ હંમેશા સાથે કામ કરતાં રહીએ એવી પણ અપેક્ષા રાખું છું. મેં જે સારા પરિણામો

મેળવવા માટે સુચનો કરેલ છે, તે બાબતે આપણે ચિંતીત બની ચિંતન કરીએ એજ સમયની માંગ છે. ખાનગી ક્ષેત્રોમાં જે ખાંડનાં કારખાનાઓ પ્રગતિ કરી રહ્યાં છે, તેની સમકક્ષ રહેવા માટે સજજ થવું પડશે.

**વ્યવસ્થાપક સદ્દસ્યોની ચૂંટણી બાબત :–**

આપણી સંસ્થાની વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોની મુદત અહેવાલનાં વર્ષમાં પુરી થતાં નાયબ કલેકટરશ્રી, બારડોલી તરફથી તા. ૨૭–૨–૨૦૧૧નાં રોજ ચૂંટણીની કામગીરી હાથધરી તા. ૨૮–૨–૨૦૧૧ ના રોજ ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવેલ સદર ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન પલસોદ ઝોનનાં હરિફ ઉમેદવારો પૈકી એક ઉમેદવારનું મૃત્યુ થતાં સદર જુથની ચૂંટણી તા. ૧૫–૦૪–૨૦૧૧નાં રોજ જાહેર કરવામાં આવેલ પરંતુ આ ચુંટણી પ્રક્રિયામાં એક જ ઉમેદવાર હોય, સદર ચુંટણીનું પરિણામ તા. ૦૭–૦૪–૨૦૧૧ નાં રોજ બીનહરિફ જાહેર કરવામાં આવેલ, આમ ૨૦૧૧–૨૦૧૪ સુધીનાં વર્ષ માટે નીચે જણાવેલ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. સદર વ્યવસ્થાપક સમિતિએ સંસ્થાની વહીવટી કામગીરી તા. ૧૪–૦૪–૨૦૧૧નાં રોજથી સંભાળી લીધી હતી, જેની નોંધ લેવા વિનંતી.

આપણી સંસ્થાની વ્યવસ્થાપક સમિતિની ચુંટણી ટાણે સભાસદોમાં ઘણો ઉચાટ હોય તેવી સ્થિતિ હતી. હંમેશા હુ કહેતો આવેલ છું કે, આપણી સંસ્થાના કપરા સમયમાં આપ સૌએ ખુબ જ ઉમદા સાથ સહકાર આપેલ છે. સારા પરિણામે માટે બધાજ સંઘર્ષ કરતાં રહ્યાં છીએ. કોઈનો પણ સમય કયારે કોઈ એક જગ્યા પર રહેતો નથી. પિ. સી. ૨૦૧૦–૨૦૧૧ માં શેરડીની જે કિંમત મળી તેના કારણે બહુમત ઉત્પાદક સભાસદો દ્વારા સંતોષની લાગણી બતાવી છે. આપણે સૌ હંમેશા સારા પરિણામો મળે તે માટે પ્રયત્નશીલ રહ્યા છીએ. સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં કોઈ કડવાશ ઉભી થઈ હોય તો સૌ વતી ખેદની લાગણી વ્યકત કરૂ છું. આવનારા દિવસોમાં આપણે સૌ સાથે મળી આ સંસ્થાની પ્રગતિમાં સહભાગી બની સમગ્ર સભાસદ પરિવારના ઉજજવળ ભવિષ્યની સંકલ્પ યાત્રાનાં સાથીદાર બનીએ.

## =: ઉત્પાદક ગૃપનાં પ્રતિનિધિઓ :=

| અ. નં. | નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧. | શ્રી દિલીપભાઈ ભીખાભાઈ ભકત | બાજીપુરા | બીનહરીફ |
| ૨. | શ્રી સુરેશભાઈ જગુભાઈ પટેલ | કડોદ | ચુંટાયેલા |
| ૩. | શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ | ખરવાસા | ચુંટાયેલા |
| ૪. | શ્રી હસમુખભાઈ ધીરજભાઈ ભકત | કપુરા | ચુંટાયેલા |
| ૫. | શ્રી મહેન્દ્રભાઈ નાથુભાઈ પટેલ | સેજવાડ | ચુંટાયેલા |
| ૬. | શ્રી કિશોરભાઈ રણછોડભાઈ પટેલ | નિઝર | બીનહરીફ |
| ૭. | શ્રી નરેન્દ્રભાઈ મગનભાઈ પટેલ | ચીખલી–રાજ | ચુંટાયેલા |
| ૮. | શ્રી અલ્પેશભાઈ મગનભાઈ પટેલ | નનસાડ | ચુંટાયેલા |
| ૯. | શ્રી દિનેશભાઈ ખુશાલભાઈ પટેલ | ખંજરોલી | ચુંટાયેલા |
| ૧૦. | શ્રી સુરજરામ ઉર્ફે સુરેશભાઈ રાનીયાભાઈ ચૌધરી | કાંટીફળિયા | ચુંટાયેલા |
| ૧૧. | શ્રી જયપ્રકાશભાઈ બાબુભાઈ પટેલ | ખોજ | બીનહરીફ |

## =: બિન ઉત્પાદક ગૃપનાં પ્રતિનિધિ :=

| અ. નં. | નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧. | શ્રી માધુભાઈ ધુરીયાભાઈ ચૌધરી<br>સ્વરાજ આશ્રમ વેડછીનાં પ્રતિનિધિ. | વેડછી | બીનહરીફ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

**આભાર દર્શન :-**

આપ સૌ સભાસદો દ્વારા મને જે સહકાર મળતો રહ્યો તે માટે આપ સૌનો આભાર માનું છું. કામદાર-કર્મચારીઓનો પણ ખૂબજ સુંદર સહકાર મળેલ છે, તેમનો પણ આભાર માની કદર કરૂં છું.

સારાયે વર્ષ દરમ્યાન સહકારી ખાતાના મંત્રીશ્રી અને નાણાં વિભાગના મંત્રીશ્રી તેમજ અધિકારી સાહેબો તેમજ ખાંડ નિયામકશ્રી અને રજિસ્ટ્રારશ્રી (સુગર) સુરત પણ વખતોવખત સહાયરૂપ થયા તે બદલ આભાર માનું છું. આપણા કપરા સંજોગોમાં ધી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓ. બેંક લિ; એ પણ આપણી સંસ્થાના વિકાસમાં તેમની મર્યાદામાં રહી હરહંમેશ ત્વરીત અને સહકારી ભાવનાને અનુરૂપ થવા તત્પરતા દાખવી છે, તે બદલ એમનાં ઉપ-પ્રમુખશ્રી, ડીરેકટરશ્રીઓ, મેનેજીંગ ડીરેકટરશ્રી, મેનેજરશ્રી અને સ્ટાફનો પણ હાર્દિક આભાર માનું છું.

આ ઉપરાંત સંસ્થાના સ્પે. ઓડીટરશ્રી અને તેમનાં સ્ટાફ, ખેતી તથા સિંચાઈ ખાતા તેમજ જંગલ ખાતાનાં અધિકારીઓ, કલેકટરશ્રી, પ્રાંત ઓફિસરશ્રી, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી તેમજ વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, તાલુકા પંચાયતનાં વડાઓ, પોલીસ અધિકારીશ્રી, સુરાલી ગ્રામ પંચાયતનાં સરપંચશ્રી, તેમજ સદસ્યોશ્રી, નશાબંધી ખાતાના સ્થાનિક અધિકારીશ્રી, સેન્ટ્રલ એકસાઈઝ ખાતાના અધિકારીશ્રી તથા અન્ય અધિકારીવર્ગ તરફથી વખતો વખત જે સાથ સહકાર મળતો રહ્યો છે તે બદલ તેમનો હું આભારી છું. જિલ્લા સહકારી બેંકો અને રાષ્ટ્રીયકૃત બેંકો, થાપણદારો વિગેરેએ સમયસર પુરતી નાણાંકિય સહાય અને થાપણ મૂકવા બદલ આભારની લાગણી વ્યકત કરૂં છું.

તેમજ આપણી સંસ્થાના ઉપ-પ્રમુખશ્રી સુરેશભાઈ પટેલ તથા સાથી ડિરેકટર મિત્રોશ્રીએ અવારનવાર કારખાનાની મુલાકાત લઈ ઊંડો રસ દાખવી સંઘ ભાવનાનું ઉમદા દૃષ્ટાંત પુરૂં પાડયું છે અને ઉત્કૃષ્ટ સંઘભાવના (ટીમ સ્પીરીટ) નાં દર્શન કરાવ્યા છે, તે બદલ તેમનો પણ હું આભાર માનું છું.

સંસ્થાનાં મેનેજીંગ ડીરેકટરશ્રી તરીકેનો કાર્યભાર સંભાળનાર શ્રી એમ. એલ. રાઠોડ તથા ખાતાનાં અન્ય વડાઓ, સુપરવાઈઝરો, સ્ટાફનાં સભ્યો, અન્ય નાના-મોટા કર્મચારી-કામદારભાઈઓ કે જેમની જહેમત અને નિષ્ઠા વિના સંસ્થાની દરેક ક્ષેત્રની કામગીરી શકય ન બને, તે સૌને હું ધન્યવાદ આપું છું. નવસારી કૃષિ યુનિવર્સીટીનાં તજજ્ઞોએ જરૂર પડે ખેડૂતોને શેરડીની ખેતી અને રોગનાં પ્રતિકાર માટેનાં ઈલાજ સુચવી સલાહ અને માર્ગદર્શન આપ્યું છે તે બદલ તેમનો પણ આભાર માનું છું.

સીઝન : ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન સીઝનનાં અંત સુધી કાર્યક્ષમતા મુજબનો પુરવઠો ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત મોનીટરીંગ કરી સફળતાની સ્થિતિ ઉપલબ્ધ કરી તે માટે સી.પી.એમ. શ્રી હેમાંશુભાઈ જે. શાહ અને સી. ડી. એમ. શ્રી પ્રવિણભાઈ મિસ્ત્રી અને એમનાં તમામ ખેતી વિભાગનાં સ્ટાફનો આભાર માનું છું, સાથેસાથે ગુજરાત રાજય ખાંડ ઉદ્યોગ સંઘના ઈ.ચા. મેનેજીંગ ડાયરેકટરશ્રી એ સમય સૂચકમાર્ગદર્શન અને મદદ કરી છે તેમનો આભાર માનું છું.

અન્ય સહકારી સંસ્થાઓ, ખેડૂત સમાજ અને દક્ષિણ ગુજરાતની ખાંડ મંડળીઓએ જરૂર પડયે જે સાથ સહકાર આપ્યો છે તે બદલ તેમનો પણ આભાર માનું છું.

શ્રી મઢી વિભાગ ખેડૂત સંઠગન, મઢી દ્વારા શેરડી વાહતુકમાં રોકાયેલ ટ્રક અને ટ્રેકટર માલિકભાઈઓએ પણ તેમનાં કાર્યમાં ખૂબ કાળજી રાખી પિલાણ કાર્યમાં સહભાગી થયા છે તેમનો પણ હું આભાર માનું છું.

સુગર ફેકટરીનાં પ્રમુખ તરીકેના મારા કાર્યભારનાં સમય દરમ્યાન શકિત પ્રમાણે વ્યવસ્થાપક કમિટીનાં સભ્યોનાં સહયોગથી સેવા કરવાની આપ સૌએ જે ઉમદા તક આપી છે, તે માટે આપ સૌનો અત્યંત આભારી છું. મારા સાથી સદસ્યોનો પણ આભાર માનું છું. આ સંસ્થાના તમામ શુભેચ્છકોનો આભાર માનું છું. તમામને આવનારા ૨૦૧૨ ના વર્ષની હાર્દિક શુભકામના.

જય જવાન | જય કિશાન | જય સહકાર

લિ.
આપનો સહકારી
દિલીપભાઈ ભીખાભાઈ ભકત
પ્રમુખ.

# =:: ઓડિટ રીપોર્ટ ::=

અમો અત્રેની સંસ્થાના સ્પે. ઓડિટરશ્રીએ શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી. નાં તા. ૩૧-૦૩-૨૦૧૧ના રોજ પૂરા થતાં નાણાંકિય વર્ષના વાર્ષિક હિસાબો નું સહકારી કાયદાની જોગવાઈ અનુસાર સતત અને સમવાયી ધોરણે કરવાનું થતું વૈધાનિક ઓડિટ સંસ્થાના હોદ્દેદારો, અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા પુરી પાડેલ સદર ઓડિટ સંબંધે જરૂરી તમામ પ્રકારની માહિતીને આધિન પૂર્ણ કરી, આથી રીપોર્ટ કરીએ છીએ કે....

(અ) અમારા મતાનુસાર આ ઓડિટ સંબંધી અમને પૂરી પાડવામાં આવેલ હિસાબી તથા વહીવટી માહિતી તેમજ જરૂરી ખુલાસાઓ સંતોષકારક જણાયેલ છે.

(બ) સંસ્થાના તા. ૩૧-૩-૨૦૧૧ નાં રોજ પૂરા થતાં નાણાંકિય વર્ષના વાર્ષિક હિસાબો અમારી દ્રષ્ટિએ વાર્ષિક ઓડિટ અહેવાલને આધિન સંસ્થાની સાચી અને વાસ્તવિક પરિસ્થિતિ રજૂ કરે છે. તેમજ તા. ૩૧-૩-૨૦૧૧ નાં રોજ પૂરા થતાં વર્ષનો સાચો અને ખરો નફો દર્શાવે છે.

(ક) સંસ્થાએ ઓડિટ સંબંધી રાખેલ હિસાબી તેમજ વહીવટી દફતર સહકારી કાયદાની જરૂરિયાત અનુસાર યોગ્ય જણાયેલ છે.

મઢી.

તારીખ : ૧૭-૧૦-૨૦૧૧

જે. એસ. ડામોર
સ્પેશ્યલ ઓડીટર સ. મં. (સુગર) વર્ગ-૧
મઢી.

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

## તા. ૩૧મી માર્ચ ૨૦૧૧ ના રોજ પુરા થતાં

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૩,૦૧,૭૮,૮૦,૯૯૪ | શેરડીનાં ચુકવ્યાં :- **મે. ટન. ૧૧,૩૨,૭૫૨.૩૭૦** | ૨,૬૨,૪૯,૦૦,૬૧૭ |
| ૬,૦૨,૯૧,૭૮૯ | શેરડી ખરીદ વેરો :- | ૫,૨૬,૭૫,૬૬૮ |
| ૨૯,૮૫,૩૧,૦૯૨ | ઉત્પાદન ખર્ચ :- **પરિશિષ્ટ નં : ૧ મુજબ બળતણ, કેમીકલ, પેકીંગ, મજુરી, પગાર, મશીનરી રીપેર્સ વિગેરે.** | ૩૪,૧૬,૯૩,૧૫૭ |
| ૧૩,૧૩,૯૮,૦૬૭ | વહીવટી ખર્ચ :- **પરિશિષ્ટ નં. ૨ મુજબ** | ૧૫,૯૮,૫૩,૪૧૪ |
| ૩,૫૦,૦૦,૦૦૦ | ઘસારા ખર્ચ :- | ૫,૦૦,૦૦,૦૦૦ |
| ૧૫,૬૪,૩૭૬ | ચોખ્ખો નફો :- | ૫૩,૯૩,૧૯૦ |
| **૩,૫૪,૪૬,૬૬,૩૧૮** | **કુલ સરવાળો** | **૩,૨૩,૪૫,૧૬,૦૪૬** |

**નોંધ :-** પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.

**અમારા ઓડીટમેમોનાં શેરાને આધિન રહીને તપાસ્યું અને બરાબર છે.**

**જે. એસ. ડામોર**
સ્પેશ્યલ ઓડીટર સ. મં. (સુગર)
મઢી.

**એન. ટી. શાહ**
ડે. ચીફ એકાઉન્ટન્ટ

સ્થળ :- મઢી.
તા. ૧૪-૧૦-૨૦૧૧

# સહકારી મંડળી લિ; મઢી.

## વર્ષનું ઉત્પાદન-વેપાર તથા નફા-નુકશાન ખાતું (સુગર યુનિટ)

| ગયા વર્ષના આંકડા | વિગત | રૂપિયા |
|---|---|---|
| ૩,૨૧,૫૪,૨૩,૯૧૮ | ખાંડ વેચાણ :- **પરિશિષ્ટ નં. - ૩ મુજબ** | ૨,૯૩,૮૯,૬૮,૪૬૩ |
| ૨૩,૪૫,૦૨,૭૭૦ | મોલાસીસ વેચાણ :- **પરિશિષ્ટ નં. - ૪ મુજબ** | ૧૫,૯૨,૫૦,૨૩૪ |
| ૪,૮૫,૩૭૧ | પ્રેસમડ વેચાણ :- | ૪,૩૬,૮૦૧ |
| ૪,૬૮,૫૮,૭૮૮ | બગાસ વેચાણ :- **પરિશિષ્ટ નં. ૫ મુજબ** | ૩,૬૮,૫૨,૦૦૮ |
| ૩,૧૬,૨૭,૨૬૨ | વ્યાજ આવક :- **ડીવીડન્ડ તથા ધીરાણ ઉપરનું વ્યાજ, ગ્રાહકો પાસેનું વ્યાજ અને કોલ ડીપોઝીટ ઉપરનું વ્યાજ** | ૨,૮૫,૧૩,૪૬૧ |
| ૧૬,૯૫,૪૨૨ | ડીસ્ટીલરી કમ ઈથેનોલ વિભાગનો નફો :- | ૫,૪૮,૫૬,૫૨૮ |
| ૩,૨૦,૦૪૮ | વાહન વેચાણ નફો | -- |
| ૧,૩૭,૫૨,૭૩૯ | અન્ય આવક :- **પરિશિષ્ટ નં. ૬ મુજબ** | ૧,૫૬,૩૮,૫૫૧ |
| **૩,૫૪,૪૬,૬૬,૩૧૮** | **કુલ સરવાળો** | **૩,૨૩,૪૫,૧૬,૦૪૬** |



| | | |
|---|---|---|
| **એમ. એલ. રાઠોડ**<br>**મેનેજીંગ ડાયરેક્ટર** | **સુરેશભાઈ જે. પટેલ**<br>**ઉપ-પ્રમુખ** | **દીલીપભાઈ બી. ભકત**<br>**પ્રમુખ** |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ

## તા. ૩૧મી માર્ચ ૨૦૧૧ ના

| ગયા વર્ષના આંકડા | પુંજી તથા દેવું | | રૂપિયા |
|---|---|---|---|
| ૧૦,૦૦,૦૦,૦૦૦ | સત્તાવાર શેર કેપીટલ<br>રૂા. ૨,૦૦૦ ના એક એવા ૫૦,૦૦૦ શેર | | ૧૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૦,૦૦,૦૦,૦૦૦ | ભરપાઈ થવા કાઢેલ શેર કેપીટલ<br>રૂા. ૨,૦૦૦ ના એક એવા ૫૦,૦૦૦ શેર | | ૧૦,૦૦,૦૦,૦૦૦ |
| ૭,૭૪,૪૪,૧૯૧ | ભરપાઈ થયેલ શેર કેપીટલ | | ૭,૮૦,૦૫,૩૧૭ |
| | શેર સંખ્યા | ૪૧૪૦૩ | |
| | સભાસદ સંખ્યા | ૧૭૬૭૯ | |
| | ચાલુ વર્ષનો વધારો | ૧૦૬ | |
| | કુલ સભાસદ સંખ્યા | ૧૭૭૮૫ | |
| ૬૨,૯૨,૪૮,૧૩૮ | રિઝર્વફંડ તથા ઘસારા ફંડો તથા અન્ય ફંડો :-<br>પરિશિષ્ટ નં. ૭ મુજબ | | ૬૭,૯૩,૨૬,૨૮૦ |
| ૫૯,૮૭,૨૩,૫૦૨ | સભાસદ થાપણો :- પરિશિષ્ટ નં. ૮ મુજબ | | ૬૧,૧૦,૬૧,૮૯૫ |
| ૪૧,૦૪,૫૯,૪૩૩ | બેંક ઓવર ડ્રાફટ તથા લોન :-<br>ધી સુરત ડિ. કો. ઓ. બેંક લી; મઢી શાખા | | ૪૨,૯૧,૨૬,૨૮૨ |
| | ખાંડ માલ તારણ સામે | ૧૫,૦૭,૧૮,૮૫૪ | |
| | મધ્યમ મુદત લોન | ૨,૪૧,૮૨,૧૮૬ | |
| | એકસાઈઝ લોન | ૯,૦૩,૨૪,૦૦૦ | |
| | કોલ ડીપોઝીટ લોન | ૪,૯૫,૧૦,૧૭૧ | |
| | ટર્મ લોન | ૨,૨૩,૦૭,૮૦૬ | |
| | ક્રોપ લોન :- | | |
| | ડ્રીપ ઈરીગેશન લોન | ૧,૩૫,૩૭,૦૬૭ | |
| | અન્ય ખેડૂત સી. ૧૦-૧૧ | ૪,૮૧,૧૮,૫૯૭ | |
| | અન્ય ખેડૂત સી. ૧૧-૧૨ | 3,૦૪,૨૭,૬૦૧ | |
| ૨,૨૪,૨૨,૬૩,૦૪૩ | શેરડી અંગેના દેવા (સભાસદો) :- | | ૧,૭૩,૮૫,૬૯,૪૩૪ |
| ૨૫,૬૧,૦૩,૧૬૨ | ખર્ચ તથા માલ ખરીદી અંગેના દેવા :- | | ૨૬,૭૪,૬૭,૮૮૧ |
| ૧૯,૮૧,૭૨,૭૦૦ | સભાસદ શેરડી હિસાબનાં જમા :- | | ૨૩,૯૬,૪૦,૭૦૦ |
| ૪,૪૧,૨૪,૧૪,૧૬૯ | કુલ સરવાળો | | ૪,૦૪,૩૧,૯૭,૭૮૯ |

નોંધ :- પૈસાનો લોપ કરી પુરા આંકડા બતાવેલ છે. ગત વર્ષના આંકડાની જરૂર પડે ફરી ગોઠવણ કરેલ છે.

અમારા ઓડીટમેમોનાં શેરાને આધિન રહીને તપાસ્યું અને બરાબર છે.

જે. એસ. ડામોર<br>સ્પેશ્યલ ઓડીટર સ. મં. (સુગર)<br>મઢી.

સ્થળ :- મઢી.<br>તા. ૧૪-૧૦-૨૦૧૧

એન. ટી. શાહ<br>ડે. ચીફ એકાઉન્ટન્ટ

## સહકારી મંડળી લિ; મઢી.

### રોજનું સરવૈયું (સુગર યુનિટ)

| ગયા વર્ષના આંકડા | મિલ્કત તથા લેણું | રૂપિયા |
|---|---|---|
| ૧,૧૬,૪૦,૩૫,૫૫૦ | સ્થાયી મિલ્કત (મુળ કિંમતે) :-<br>**પરિશિષ્ટ નં. -૯ મુજબ** | ૧,૨૨,૧૬,૯૮,૪૧૧ |
| ૩,૪૩,૭૦,૦૭૭ | ઈન્વેસ્ટમેન્ટ (ખરીદ કિંમતે) :-<br>**પરિશિષ્ટ નં. -૧૦ મુજબ** | ૩,૪૩,૭૦,૦૭૭ |
| ૨,૦૨,૮૨,૪૯,૮૦૦ | ચલણી મિલ્કત :-<br>**પરિશિષ્ટ નં. -૧૧ મુજબ** | ૧,૯૮,૧૩,૬૬,૪૧૦ |
| ૪૦,૪૯,૨૧,૫૫૬ | લોન તથા એડવાન્સીસ<br>**સભાસદોને ખાતર**<br>**ધિરાણ :** ૮,૭૪,૫૨,૩૮૬<br>**ખર્ચ અંગેના બાકી લેણા તથા એડવાન્સ** ૩૮,૯૫,૬૯,૩૫૯ | ૪૭,૭૦,૨૧,૭૪૫ |
| ૫૩,૬૩,૬૦,૮૪૪ | ડીપોઝીટ :-<br>**ધી સુરત ડી. કો. ઓ. બેંક લિ; તથા અન્ય** | ૫,૬૫,૬૪,૫૪૪ |
| ૧૦,૫૨,૫૬,૬૫૨ | શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી. **(ડિસ્ટીલરી કમ ઈથેનોલ યુનિટ) :-** | ૧૫,૭૩,૧૭,૩૬૨ |
| ૧૧,૯૫,૫૫,૯૨૦ | રોકડ તથા બેંક પુરાંત :-<br>**બેંકના કરંટ ખાતાઓ** ૮,૨૪,૮૨,૯૯૪<br>**રોકડ સિલક હાથ પર** ૧,૮૦,૭૫,૬૬૬ | ૧૦,૦૫,૫૮,૬૬૦ |
| ૧,૯૬,૬૩,૭૭૦ | નફા-નુકશાન ખાતુ :-<br>**પાછલી ખોટ** ૧,૯૬,૬૩,૭૭૦<br>**બાદ : ચાલુ વર્ષનો નફો** ૫૩,૯૩,૧૯૦ | ૧,૪૨,૭૦,૫૮૦ |
| **૪,૪૧,૨૪,૧૪,૧૬૯** | **કુલ સરવાળો** | **૪,૦૪,૩૧,૯૭,૭૮૯** |

| | | |
|---|---|---|
| **એમ. એલ. રાઠોડ**<br>મેનેજીંગ ડાયરેક્ટર | **સુરેશભાઈ જે. પટેલ**<br>ઉપ-પ્રમુખ | **દીલીપભાઈ બી. ભક્ત**<br>પ્રમુખ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## પરિશિષ્ટ - ૧

(સુગર યુનિટ)

| ઉત્પાદન ખર્ચ | તા. ૩૧-૦૩-૨૦૧૦ | તા. ૩૧-૦૩-૨૦૧૧ |
|---|---|---|
| સરપણ બળતણ ખર્ચ | ૧૯,૨૮,૦૭૪ | ૨૪,૯૦,૮૨૫ |
| લુબ્રીકન્ટસ ખર્ચ | ૬૫,૪૨,૯૩૦ | ૬૨,૪૮,૬૦૬ |
| કેમીકલ ખર્ચ | ૨,૪૮,૭૨,૮૦૨ | ૩,૧૧,૧૬,૬૧૭ |
| પેકીંગ ખર્ચ | ૬,૦૯,૫૨,૧૬૪ | ૫,૩૮,૬૪,૮૨૫ |
| ઈલેક્ટ્રીક ખર્ચ | ૧,૨૦,૫૮,૫૮૪ | ૧,૧૭,૦૪,૪૬૫ |
| રીપેર્સ એન્ડ મેઈન્ટેનન્સ પ્લાન્ટ મશીનરી ખર્ચ | ૫,૫૧,૦૩,૩૮૯ | ૭,૩૦,૪૮,૯૦૮ |
| પગાર તથા મજુરી ખર્ચ | ૧૩,૭૦,૭૩,૧૪૯ | ૧૬,૩૧,૮૮,૬૧૧ |
| કુલ સરવાળો | ૨૯,૮૫,૩૧,૦૯૨ | ૩૪,૧૬,૯૩,૧૫૭ |

## પરિશિષ્ટ - ૨

| વહીવટી ખર્ચ | તા. ૩૧-૦૩-૨૦૧૦ | તા. ૩૧-૦૩-૨૦૧૧ |
|---|---|---|
| પગાર ખર્ચ | ૩,૧૬,૬૫,૬૨૦ | ૩,૭૬,૫૩,૬૨૨ |
| રેઈટસ એન્ડ ટેક્ષીસ | ૨૫,૮૮,૨૪૬ | ૨૪,૯૫,૧૩૦ |
| વોટર શેષ | ૧૦,૨૩,૪૫૮ | ૯,૩૯,૨૦૬ |
| વિમા ખર્ચ | ૪૩,૨૮,૧૪૦ | ૩૯,૫૯,૩૦૬ |
| વ્યાજ ખર્ચ | ૭,૧૨,૨૩,૮૮૧ | ૯,૫૭,૭૩,૪૨૫ |
| તાર-ટપાલ ટેલીફોન ખર્ચ | ૩,૫૪,૮૦૨ | ૩,૨૨,૪૩૨ |
| પ્રિન્ટીંગ એન્ડ સ્ટેશનરી ખર્ચ | ૧૧,૫૩,૨૩૯ | ૯,૮૦,૨૧૮ |
| મુસાફરી ખર્ચ | ૨,૯૦,૪૮૫ | ૫,૭૭,૩૯૦ |
| પ્રોફેશનલ ટેક્ષ | -- | ૪,૮૦૦ |
| ઓડિટ ફી | ૫,૭૩,૧૮૬ | ૯,૬૫,૯૯૧ |
| વાહન ખર્ચ | ૨૨,૬૦,૧૮૭ | ૨૪,૭૧,૩૩૫ |
| જનરલ મીટીંગ ખર્ચ | ૫,૨૪,૮૧૮ | ૩,૧૩,૭૮૮ |
| બાંધકામ ફર્નીચર ખર્ચ | ૨૬,૦૬,૨૨૬ | ૩૫,૪૧,૫૯૦ |
| બાગ બગીચા ખર્ચ | ૧,૨૯,૭૧૦ | ૧,૩૧,૮૨૮ |
| ઔષધ ખર્ચ | ૨૪,૦૪,૩૯૯ | ૧૬,૭૧,૭૯૪ |
| ચુંટણી ખર્ચ ખાતુ | -- | ૧૩,૩૯,૮૮૬ |
| અન્ય ખર્ચ પરિશિષ્ટ ૧૨ મુજબ | ૧,૦૨,૭૧,૬૭૦ | ૬૭,૧૧,૬૭૩ |
| કુલ સરવાળો | ૧૩,૧૩,૯૮,૦૬૭ | ૧૫,૯૮,૫૩,૪૧૪ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## પરિશિષ્ટ - ૩

(સુગર યુનિટ)

| ખાંડ વેચાણ | રૂપિયા |
|---|---|
| ખાંડ વેચાણ | ૩,૦૮,૩૯,૨૧,૧૦૦ |
| બાદ : એકસાઈઝ ડયુટી | ૭,૯૭,૪૫,૨૦૧ |
| | ૩,૦૦,૪૧,૭૫,૮૯૯ |
| બાદ : શિક્ષણ શેષ | ૨૩,૯૨,૦૫૬ |
| | ૩,૦૦,૧૭,૮૩,૮૪૩ |
| બાદ : સુગર શેષ | ૨,૮૬,૯૮,૭૯૨ |
| | ૨,૯૭,૩૦,૮૫,૦૫૧ |
| ઉમેરો : લેવી ખાંડ ભાવ તફાવત અનામત | ૧,૦૭,૨૮,૩૨૯ |
| | ૨,૯૮,૩૮,૧૩,૩૮૦ |
| બાદ : ફોરવર્ડીંગ ખર્ચ | ૪૦,૭૬,૧૪૧ |
| | ૨,૯૭,૯૭,૩૭,૨૩૯ |
| બાદ : ખાંડ કમીશન ખર્ચ | ૨૪,૪૯,૫૪૦ |
| | ૨,૯૭,૭૨,૮૭,૬૯૯ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૧ નો છેવટનો સ્ટોક | ૧,૮૬,૦૩,૨૫,૨૬૬ |
| | ૪,૮૩,૭૬,૧૨,૯૬૫ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૦ નો શરૂઆતનો સ્ટોક | ૧,૮૯,૮૬,૪૪,૫૦૨ |
| કુલ સરવાળો | ૨,૯૩,૮૯,૬૮,૪૬૩ |

## પરિશિષ્ટ - ૪

| મોલાસીસ વેચાણ | રૂપિયા |
|---|---|
| મોલાસીસ વેચાણ | ૧૮,૨૨,૦૪,૩૭૨ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૧ નો છેવટનો સ્ટોક | ૨,૬૦,૬૭,૧૨૦ |
| | ૨૦,૮૨,૭૧,૪૯૨ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૦ નો શરૂઆતનો સ્ટોક | ૪,૯૦,૨૧,૨૫૮ |
| કુલ સરવાળો | ૧૫,૯૨,૫૦,૨૩૪ |

## પરિશિષ્ટ - ૫

| બગાસ વેચાણ | રૂપિયા |
|---|---|
| બગાસ વેચાણ | ૪,૦૨,૮૪,૦૪૯ |
| ઉમેરો : તા. ૩૧-૦૩-૨૦૧૧ નો છેવટનો સ્ટોક | ૫૦,૦૦,૦૦૦ |
| | ૪,૫૨,૮૪,૦૪૯ |
| બાદ : તા. ૦૧-૦૪-૨૦૧૦ નો શરૂઆતનો સ્ટોક | ૪૯,૦૦,૦૦૦ |
| | ૪,૦૩,૮૪,૦૪૯ |
| બાદ : બગાસ બેગીંગ ખર્ચ | ૩૫,૩૨,૦૪૧ |
| કુલ સરવાળો | ૩,૬૮,૫૨,૦૦૮ |

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ; મઢી.

## પરિશિષ્ટ - ૬

(સુગર યુનિટ)

| અન્ય આવક | રૂપિયા |
|---|---|
| પરચુરણ આવક | ૧,૮૬,૬૫૮ |
| મકાન ભાડા | ૩૫,૭૯૫ |
| ખાતા ઉતારા ફી | ૧૬,૧૩૦ |
| વિમા કલેઈમ | ૧,૫૭,૯૪૭ |
| સેન્ટ્રલ એકસાઈઝ સેનવેટ સ્કીમ | ૩૦,૦૦,૦૦૦ |
| કંપોષ્ટ ખાતર વેચાણ | ૬૬,૬૩,૮૬૩ |
| ભાડા આવક | ૮૮,૫૮૧ |
| ટ્રક તોલાઈ | ૧,૦૫,૯૯૦ |
| સ્ટોર આવક | ૪૧,૭૬,૮૨૩ |
| ડીઝલ ઓઈલ પંપ આવક | ૯,૦૬,૭૬૪ |
| કુલ સરવાળો | ૧,૫૬,૩૮,૫૫૧ |

## પરિશિષ્ટ - ૭

| રિઝર્વ ફંડ તથા અન્ય ફંડો | તા. ૦૧-૦૪-૨૦૧૦નાં રોજ કુલ કિંમત | વર્ષ દરમ્યાન વધારો | વર્ષ દરમ્યાન ઘટાડો | તા. ૩૧-૩-૨૦૧૧નાં રોજ કુલ કિંમત |
|---|---|---|---|---|
| રિઝર્વ ફંડ | ૧,૪૩,૮૩,૧૦૪ | ૭૮,૧૪૨ | -- | ૧,૪૪,૬૧,૨૪૬ |
| ઘસારા ફંડ | ૬૧,૦૯,૦૬,૦૨૭ | ૫,૦૦,૦૦,૦૦૦ | -- | ૬૬,૦૯,૦૬,૦૨૭ |
| મોલાસીસ ટેન્ક રિઝર્વ | ૨૪,૪૩,૪૧૪ | -- | -- | ૨૪,૪૩,૪૧૪ |
